લલાટે લખ્યા લેખ

સાપ્તાહિક ભવિષ્ય (સોમવાર થી રવિવાર)

તારીખ ૨૪ નવેમ્બર થી ૩૦ નવેમ્બર

જ્યોતિષ
ઋષિ બટુકભાઈ શાસ્ત્રી
સંપર્ક: ૯૮૯૮૯ ૯૦૮૮૭

મેષ વૃષભ મિથુન કર્ક સિંહ કન્યા તુલા વૃશ્ચિક ધનુ મકર કુંભ મીન

મેષ (અ-લ-ઇ)

આપના માટે માન-સન્માનમાં વૃદ્ધિ અપાવતું સપ્તાહ શરૂ થવા જાય છે. આ સપ્તાહના સમયગાળા દરમિયાન આપને સામાજિક-જાહેરજીવન ક્ષેત્રે માન-મોભામાં વૃદ્ધિ થતી જોવા મળે. આપની લોકપ્રિયતામાં વૃદ્ધિ થાય. નાણાકીય સ્થિતિ સદ્ધર બને. શત્રુ વિરોધીઓ ઉપર વિજય મેળવી શકશો. સ્વાસ્થ્ય બાબતે આહાર-વિહારમાં તકેદારી રાખવી અનિવાર્ય બની રહે. ગૃહસ્થ જીવનમાં વાતાવરણ મધ્યમ રહે. સંતાન તરફથી શુભ સમાચાર પ્રાપ્ત થાય. નોકરિયાત વર્ગને લાભ થાય. તા. ૨૪ થી ૨૭ સંભાળવું. તા. ૨૮ થી ૩૦ માન-સન્માન.

વૃષભ (બ-વ-ઉ)

તમારા માટે નાણાભીડનો અનુભવ કરાવનારો સમય સાથે લાવતું સપ્તાહ શરૂ થવા જાય છે. આ સપ્તાહના દિવસો દરમિયાન આપે આર્થિક વ્યવહાર કરવામાં સાવધાની રાખવી. આકસ્મિક કે અણધાર્યા ખર્ચ થવાની પૂર્ણ શક્યતા જણાય છે. નિશ્ચિત આયોજનથી કામ લેશો તો ફાયદામાં રહેશો. જમીન-મકાન-રહેઠાણને લગતા પ્રશ્નો હલ થતા જણાય. સ્વાસ્થ્ય સુખાકારી એકંદરે સારી રહેવા પામે. નોકરિયાત વર્ગને કાર્યના બદલામાં પ્રશંસા-વખાણ સાંભળવા મળે. દાંપત્યજીવનમાં ખટરાગ થઈ શકે. તા. ૨૪ થી ૨૭ ખર્ચાળ. તા. ૨૮ થી ૩૦ મિશ્ર.

મિથુન (ક-છ-ઘ)

આપના માટે પારિવારિક કાર્યો કરાવનારો સમય સાથે લાવતું સપ્તાહ શરૂ થવા જાય છે. આ સપ્તાહના સમયગાળા દરમિયાન ઘર-પરિવારના અધુરા કાર્યો પૂરા કરવા માટે આપ સક્રિય બનતા જણાવ. આરોગ્ય અંગે કોઈ સમસ્યા હશે તો ધીમે ધીમે દૂર થતી જણાય. આકસ્મિક ખર્ચાઓને કારણે આર્થિક બજેટ ખોરવાતું જણાય. નોકરિયાત વર્ગને કાર્યબોજ હળવો થતો જણાય. જાહેરજીવન ક્ષેત્રે સમય વ્યસ્તતાપૂર્ણ બની રહે. યાત્રા-પ્રવાસ આનંદદાયી, પરંતુ ખર્ચાળ પૂરવાર થાય. મિત્રો-સ્વજનોનો સાથ-સહકાર મળી રહે. તા. ૨૪ થી ૨૭ સાનુકૂળ. તા. ૨૮ થી ૩૦ પારિવારિક કાર્ય થાય.

કર્ક (ડ-હ)

તમારા માટે આત્મમંથન કરાવનારો સમય સાથે લાવતું સપ્તાહ શરૂ થવા જાય છે. આ સપ્તાહના દિવસો દરમિયાન વ્યાપાર-વ્યવસાય ક્ષેત્રે પરિવર્તન આવતો જોવા મળે. આપ આપના ભવિષ્યના આયોજનોને ધ્યાનમાં રાખી આપના કાર્યક્ષેત્રે આગળ વધતા જણાવ, સાથોસાથ કામનું ભારણ વધતા જવાબદારીઓ પણ વધતી જણાય. નાણાકીય સ્થિતિ નહીં નફો નહીં નુકસાન સમાન બની રહે. ભૌતિક સુખ-સગવડના સાધનોની ખર્ચ-ખરીદી થાય. ગૃહસ્થ જીવનનું વાતાવરણ સુખદાયક બની રહે. તા. ૨૪ થી ૨૭ કાર્યબોજ. તા. ૨૮ થી ૩૦ ખર્ચાળ.

સિંહ (મ-ટ)

આપના માટે નવી રાહ, નવી દિશા સાથે લાવતું સપ્તાહ શરૂ થવા જાય છે. આ સપ્તાહના સમયગાળા દરમિયાન આપ કોઈ નવી કાર્યરચના સાથે જોડાઈ શકો છો. વ્યાવસાયિક યોજનાઓનું અમલિકરણ થાય. વ્યાપારી વર્ગ માટે નવી ધંધાકીય ખરીદી માટે સમય શુભ જણાય છે. આર્થિક સ્થિતિ મધ્યમ રહે. નોંધપાત્ર આવક માટે હજુ યોગ્ય સમયની રાહ જોવી પડે. જાહેરજીવન સાથે સંકળાયેલા જાતકો માટે સમય શુભ જણાય છે. શત્રુ વિરોધીઓને પરાસ્ત કરી શકશો. સંતાન બાબતે ચિંતા રહે. તા. ૨૪ થી ૨૭ નવીન કાર્ય થાય. તા. ૨૮ થી ૩૦ ખર્ચાળ.

કન્યા (પ-ઠ-ણ)

તમારા માટે સ્વાસ્થ્યની સંભાળ રાખવાની સલાહ આપતું સપ્તાહ શરૂ થવા જાય છે. આ સપ્તાહના સમયગાળા દરમિયાન સ્વાસ્થ્ય બાબતે તકેદારી રાખવી આવશ્યક બની રહે અન્યથા ડોક્ટરની ફરજિયાત મુલાકાતે જવું પડી શકે. છે. વેપારી વર્ગને નવી ધંધાકીય ખરીદી શકય બને. સામાજિક ક્ષેત્રે ગુમાવેલી નામના-કીર્તિ પરત મેળવી શકશો. ભાઈ-બંધુ સાથે કોઈ વિવાદ હશે તો તેનો સુખદ નિકાલ આવી શકશે. મિત્રોથી લાભ થાય. વડીલ વર્ગના આશીર્વાદ લાભ અપાવી જાય. તા. ૨૪ થી ૨૭ સ્વાસ્થ્ય સાચવવું. તા. ૨૮ થી ૩૦ સારી.

તુલા (ર-ત)

આપના માટે વ્યસ્તતા વધારતું સપ્તાહ શરૂ થવા જાય છે. આ સમય દરમિયાન અનેકવિધ પ્રવૃત્તિઓમાં સામેલ થઈ શકો. જવાબદારીનો ભાર સતત વધતો જણાય. વ્યાપાર-ધંધા પ્રશ્ને રચનાત્મક કાર્યો થઈ શકે. નાનું-મોટું સાહસ થઈ શકે. આરોગ્ય મધ્યમ રહે. કફ સંબંધીત રોગોથી પરેશાની થઈ શકે. જાહેરજીવન ક્ષેત્ર સાથે સકંળાયેલા જાતકોને પદ-પ્રતિષ્ઠાની પ્રાપ્તિ થાય. શત્રુ વિરોધીઓ નબળા પડતા જણાય. ઘર-પરિવાર ક્ષેત્રે કોઈ શુભ-માંગલિક પ્રસંગમાં સહભાગી થઈ શકો. તા. ૨૪ થી ૨૭ કાર્યબોજ. તા. ૨૮ થી ૩૦ સારી.

વૃશ્ચિક (ન-ય)

તમારા માટે તડકા-છાંયા છેવું મિશ્ર પરિસ્થિતિઓનો અનુભવ કરાવતું સપ્તાહ શરૂ થઈ ગયું છે. આ સમયમાં સ્નેહીજન-મિત્રો સાથે વિવાદ-અણબનાવ થઈ શકે. વાણી-વર્તનને કાબૂમાં રાખશો તો લાભદાયી રહેશે. વ્યવસાય-રોજગાર ક્ષેત્રે સફળતાના દ્વાર ખૂલતા જણાય. રોકાયેલા નાણા પરત મળતા આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર સુધાર જોઈ શકશો. વિદ્યાર્થી વર્ગને અભ્યાસમાં આળસ કરવી અંતે તો નુકસાનકારક જ સાબિત થાય. સ્વાસ્થ્ય સંબંધીત સમસ્યાઓ હળવી થતી જણાય. તા. ૨૪ થી ૨૭ લાભદાયી. તા. ૨૮ થી ૩૦ વાદ-વિવાદ ટાળવો.

ધન (ભ-ધ-ફ-ઢ)

આપના માટે યાત્રા-પ્રવાસ કરાવતું સપ્તાહ શરૂ થવા જઈ રહ્યું છે. આ સમય દરમિયાન નાની-મોટી મુસાફરીનું આયોજન શક્ય બને. સમયનો અવકાશ મળતા રાહત અનુભવશો. સ્નેહી-મિત્રો સાથે સમય પસાર કરી શકશો. આરોગ્ય બાબતે નાની-મોટી સમસ્યાનો સામનો કરવો પડે. જમીન-મકાન-મિલકતને લગતી બાબતોમાં ઉતાવળમાં નિર્ણય લેવો નુકસાનકારક સાબિત થઈ શકે. કૌટુંબિક પ્રસંગે વડીલ વર્ગ, માતા-પિતાના આશીર્વાદ પ્રાપ્ત કરી શકશો. તા. ૨૪ થી ૨૬ મિશ્ર. તા. ૨૭ થી ૩૦ મુસાફરી.

મકર (ખ-જ)

તમારા માટે શુભ ફળદાયી સમય સાથે લાવતું સપ્તાહ શરૂ થવા જાય છે. આ સપ્તાહના સમયગાળા દરમિયાન આપની માનસિક સ્થિતિ પ્રશન્નતાભરી રહેવા પામે. કોઈ શુભ સમાચાર સાંભળવા મળે અથવા તો કોઈ શુભ ઘટના બનવા પામે. સમય પરિવારજનો-સ્નેહીજનો સાથે આનંદપૂર્વક પસાર થાય. ભૌતિક સુખ-સગવડના સાધનો પાછળ સમય અને નાણાનો વ્યય થાય. વ્યાપારમાં મંદીના દર્શન થાય. ધાર્યો લાભ મેળવવા હજુ યોગ્ય સમયની રાહ જોવી પડે. સાંસારિક જીવનમાં એકમેકનો સાથ-સંગાથ મળી રહે. તા. ૨૪ થી ૨૭ લાભદાયી. તા. ૨૮ થી ૩૦ આનંદદાયી.

કુંભ (ગ-શ-સ)

આપના માટે નફા-નુકસાન જેવી પરિસ્થિતિનો અનુભવ કરાવનારું સપ્તાહ શરૂ થવા જાય છે. આ સપ્તાહના દિવસો દરમિયાન વ્યાપાર-ધંધામાં વાતાવરણ શુષ્ક જણાય. આર્થિક બાબતે નાણાકીય તંગી વર્તાય. હાલ મોટા આર્થિક રોકાણને મુલતવી રાખવા સલાહભર્યા બની રહે. આરોગ્ય સુખાકારી ઉત્તમ રહે. જુના રોગોમાંથી મુક્તિ મળતા રાહત થાય. સાંસારિક જીવનમાં એકમેકનો સાથ-સહકાર મળે. રાજકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા જાતકોને માટે સમય પ્રતિકૂળ બને. શત્રુ વિરોધીઓ હાવિ થતા જણાય. તા. ૨૪ થી ૨૭ નાણાભીડ. તા. ૨૮ થી ૩૦ મધ્યમ.

મીન (દ-ચ-ઝ-થ)

તમારા માટે આનંદદાયી સમય સાથે લાવતું સપ્તાહ શરૂ થવા જાય છે. આ સપ્તાહના સમયગાળા દરમિયાન આપની લાંબા સમયથી ચાલતી તકલીફમાંથી બહાર આવવાના રસ્તા મળે. નાણાકીય સ્થિતિ મજબૂત બનતા માનસિક રાહતનો અનુભવ થાય. પારિવારિક ક્ષેત્રે વડીલ વર્ગ તરફથી લાભ થાય, જો કે આરોગ્ય બાબતે તકેદારી રાખવી. નોકરિયાત વર્ગને કામના બદલામાં પ્રશંસા-વખાણ સાંભળવા મળે. વિદ્યાર્થી વર્ગે ઈચ્છિત ફળ મેળવવા માટે મહેનત વધારવી પડે. યાત્રા-પ્રવાસનું આયોજન શક્ય બને. તા. ૨૪ થી ૨૭ સ્વાસ્થ્ય સાચવવું. તા. ૨૮ થી ૩૦ આનંદદાયી.

પ્રથમ માસે મક્ષિકા: ખેતીની ફળદ્રુપ જમીન હોવાનો દાવો

દ્વારકાના વસઈ ગામે એરપોર્ટ બનાવવા સામે ખેડૂતોનો ઉગ્ર વિરોધ

(તસ્વીર: રવિ બારાઈ)

દ્વારકા નજીક વસઈ ગામ અને આસપાસના ગામોમાં સરકારના એરપોર્ટ બનાવવાના નિર્ણય બાદ જમીન સંપાદન સહિતની બાબતો અંગે આગામી મંગળવારે વિવિધ મુદ્દાઓ પર વસઈ ગામમાં યોજાનાર સરકારી કામગીરી પહેલા જ વસઈ તથા આસપાસના ગામોના અસરગ્રસ્ત ખેડૂતોએ ઓરપોર્ટ પ્રોજેક્ટને વસઈ આસપાસને બદલે અન્યત્ર ખસેડવા માંગ સાથે ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો છે. સરકાર દ્વારા યાત્રાધામને હવાઈ માર્ગ સાથે જોડવા વખતો વખતના સર્વે બાદ વસઈ આસપાસની જમીન પસંદ કરાયા બાદ વસઈ, ગઢેચી, કલ્યાણપુર, મેવાસા સહિતના ગામોના પ્રોજક્ટમાં સમાવિષ્ટ વિવિધ સર્વે નંબરની જમીનો સંપાદન સહિતની કામગીરી ટૂંક સમયમાં શરૂ થનાર છે ત્યારે આ ગામના અસરગ્રસ્ત ખેડૂતોએ વસઈ આસપાસ એરપોર્ટ નિર્માણની કામગીરીનો વિરોધ કરી આ પ્રોજેક્ટને અન્યત્ર જગ્યાએ ખસેડવા માંગ કરાઈ છે.

ખેડૂતો દ્વારા જણાવાયા અનુસાર દ્વારકા ક્ષેત્રનો વિકાસ થાય તેમાં તેઓ સહમત છે પરંતુ વસઈ ગામ આસપાસની જમીન ખૂબજ ફળદ્રુપ હોય વર્ષ દરમ્યાન વિવિધ પાકો લેવામાં આવે છે અને આસપાસના વિસ્તારોમાં પીવાનું પાણી પૂરું પાડવામાં પણ વસઈ ગામનો સિંહફાળો છે ત્યારે આવી ફળદ્રુપ જમીન તેઓની આજીવિકાનું સાધન હોય, અહીંની વસ્તી ખેતીપ્રધાન હોય, આ જગ્યાને એરપોર્ટ પ્રોજેક્ટ માટે પસંદ ન કરી અન્ય જગ્યાએ ખસેડવામાં આવે તો આ ફળદ્રુપ જમીન સાથે આ વિસ્તારના ખેડૂતોની રોજીરોટીને બચાવી શકાય તેમ છે.

મુખ્યમંત્રીએ લગ્નપ્રસંગ માટે કાર્યક્રમનું સ્થળ બદલ્યુ તે

દીકરીના પરિવારે ભૂપેન્દ્રભાઈ પટેલની સૌજન્ય મુલાકાત લઈ વ્યક્ત કરી કૃતજ્ઞતા

જામનગરમાં રહેતા પરમાર નામની દીકરીના લગ્ન પૂર્વ નિર્ધારિત સમય અને સ્થળે જ યોજાય તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જામનગરમાં પોતાના કાર્યક્રમનું સ્થળ બદલીને સંવેદનાત્મક અને માનવીય અભિગમ દાખવી ત્વરિતપણે પરિવારને મદદરૂપ થવા વહીવટીતંત્રને સૂચના આપી હતી. જેના ભાગરૂપે આ દીકરીના લગ્ન ગઈકાલે સુપેરે સંપન્ન પણ થયા હતાં. આજે જ્યારે સીએમ ભૂપેન્દ્રભાઈ પટેલ જામનગરની મુલાકાતે હતા ત્યારે આ દીકરીના પરિવારજનોએ મુખ્યમંત્રીની સૌજન્ય મુલાકાત કરીને તેમની કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

અડધા ડીગ્રીના ઘટાડા સાથે

જામનગરમાં લઘુતમ તાપમાન ૧૪ ડીગ્રી

જામનગર તા. ૨૪: જામનગરમાં છેલ્લા ચોવીસ કલાકમાં અડધા ડીગ્રીના ઘટાડા સાથે લઘુતમ તાપમાન ૧૪ ડીગ્રી નોંધાયું હતું. રાતથી લઈને વહેલી સવાર સુધી ઠંડી અનુભવાઈ હતી.

જામનગરમાં તાપમાનમાં ધીમે-ધીમે વધારો થતા ઠંડીના જોરમાં પણ ઘટાડો થયો હતો, પરંતુ છેલ્લા ચોવીસ કલાકમાં વધતા તાપમાન પર બ્રેક લાગી ગઈ હતી. અડધા ડીગ્રીના ઘટાડા સાથે લઘુતમ તાપમાન ૧૪ ડીગ્રી અને મહત્તમ તાપમાન ૩૦.૫ ડીગ્રી નોંધાયું હતું. તાપમાનમાં થયેલા ઘટાડાના પગલે રાત્રિથી વહેલી સવાર સુધી ઠંડી અનુભવાઈ હતી.

જામનગરમાં પવનની ગતિ પ્રતિકલાકની સરેરાશ ૫ થી ૧૦ કિ.મી.ની રહેવા પામી હતી. ગત્ બે દિવસમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૧૩ ટકા ઘટીને ૬૦ ટકા રહ્યું હતું.

હાપા યાર્ડમાં કપાસની મબલખ આવક

કપાસના ઓછા ભાવ મળતા હોવાની ખેડૂતોની રજૂઆત

જામનગર તા. ૨૪: જામનગર (હાપા) માર્કેટ યાર્ડમાં કપાસની ખૂબ જ સારી આવક થઈ રહી છે. પરંતુ મળતા ભાવના મુદ્દે અમુક ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી છે.

હાપા માર્કેટ યાર્ડમાં હાલના સમયમાં દરરોજ ૨૦ હજાર મણ કપાસની આવક થઈ રહી છે, અને હરાજીમાં ભાવ રૂ. ૧૦૦૦ થી ૧૩૦૦ સુધી બોલાઈ રહ્યો છે.

વધુ સારી વકલનો કપાસ હોય તો ૧૫૦૦ રૂપિયા પણ મળે છે. પરંતુ આ ભાવ ખૂબ જ ઓછા છે. તેમ અમુક ખેડૂતો જણાવી રહ્યાં છે. એક ખેડૂતના જણાવ્યા મુજબ એક મણના રૂ. ૧૮૦૦ થી ૨૦૦૦ નો ભાવ મળે તો વી સરકારે વ્યવસ્થા કરવી જોઈએ. કારણ કે, એક મણ કપાસ વીણવાની મજૂરી રૂ. ૨૫૦ ચૂકવવી પડે છે. આથી જો ભાવ વધારો કરી આપવામાં આવે તો ખેડૂતોને પરવડે અન્યથા ખેડૂતોને ખાસ વળતર મળશે નહીં.

બે વખત કસુવાવડ થઈ જતાં આત્મહત્યા કરી લીધી:

સંતાન સુખ ન પ્રાપ્ત થતાં વ્યથિત થઈ નાના વાગુદળમાં શ્રમિક મહિલાનો ગળાફાંસો

જામનગર તા. ૨૪: ધ્રોલના નાના વાગુદળ ગામમાં મજૂરીકામ માટે આવીને રહેતા એક પરિણીતાએ બે વખત કસુવાવડ થઈ જતા અને સંતાન સુખ પ્રાપ્ત ન થતાં માઠું લાગી આવતા ફાંસો ખાઈ આત્મહત્યા ર્ક્રોરી લીધી છે.

ધ્રોલ તાલુકાના નાના વાગુદળ ગામની સીમમાં આવેલા વિજયસિંહ પ્રભાસંગ નામના ખેડૂતના ખેતરમાં મજૂરીકામ માટે આવીને રહેતા અશોકભાઈ કાનાભાઈ વાઘેલા નામના ભીલ યુવાનના પત્ની મધુબેન (ઉ.વ.૨૩)ને અગાઉ બે વખત કસુવાવડ થઈ ગઈ હતી. ત્યારપછી મધુબેનને અવારનવાર આ બાબતનું માઠું લાગી આવતું હતું.

તેણીએ શનિવારે બપોરે સાડા બારેક વાગ્યે તે ખેતરમાં બનાવી આપવામાં આવેલા રહેણાકમાં રહેલા પતરાના એંગલમાં દોરડા વડે ગાળીઓ બનાવી ગળાફાંસો ખાઈ લીધો હતો. આ પરિણીતાનું શ્વાસ રૂંધાઈ જવાથી મૃત્યુ નિપજ્યું છે. તેણીના પતિ અશોકભાઈ વાઘેલાનું પોલીસે નિવેદન નોંધ્યું છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં

નવા રસ્તાના કામ, પેન્ડીંગ રીપેરીંગના કામ શરૂ કરવા પીડબલ્યુડી તંત્ર દ્વારા કાર્યવાહી

ખંભાળિયા તા. ૨૨: દેવભૂમિ દ્વારકા જિલ્લાના પીડબલ્યુડી સ્ટેટના કાર્યપાલક ઈજનેર ઉત્તમભાઈ ચૌધરી વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા તેમની ખાલી જગ્યા એકાદ માસ ચાલી રહી હતી, જે પછી વડોદરા મહાનગરપાલિકામાં કાર્યપાલક ઈજનેર તરીકે કામ કરતા કેતન પટેલની નિયુક્તિ દ્વારકા જિલ્લા કાર્યપાલક ઈજનેર તરીકે થતા તેમણે ચાર્જ સંભાળી પડતર કામગીરી તથા હાલની કરવાની કામગીરી અને ચાલુ કામગીરીનું નિરીક્ષણ તથા ઝડપી પ્રક્રિયા માટે તજવીજ શરૂ કરી છે.

દ્વારકા જિલ્લામાં અગાઉ અનેક સ્ટેટ હાઈવેના કામો કલ્યાણપુર, દ્વારકા તાલુકામાં મંજુર થયેલા હોય, પુલિયા નાલાના કામો પણ મંજુર થયા હોય, તે કામો ચોમાસાના કારણે ટેન્ડરીંગ થયા પછી શરૂ ના થયા હોય, તે ચાલુ કરવા તથા કેટલાક મહત્ત્વના કામો જેના ટેન્ડરીંગ થઈ ગયા છે તથા થવાના છે તેવા દ્વારકા જતો ચરકલા રોડ, પીંડારા રોડ, શનિદેવ હાથલાનું વિકાસ કાર્ય, દ્વારકાના સુદામા સેતુનું કાર્ય, નાગેશ્વર રોડનું કાર્ય, ગ્રામ્ય વિસ્તારમાં ચોમાસામાં નુકસાન પામેલા રસ્તાઓનું રીપેરીંગ કરવાનું કાર્ય વિગેરે કામો બાબતે તેમણે નાયબ કાર્યપાલક ઈજનેરો સાથે સંકલન કરીને ચોમાસા પછીની શરૂ કરવાની કાર્યવાહી શરૂ કરી છે.

દરિયામાં પડી ગયેલા માછીમાર મોતને શરણ:

લાલપુરમાં ખેતરે પાણી વાળતી વખતે વીજ આંચકો લાગતા ખેડૂતનું મૃત્યુ

જામનગર તા. ૨૪: લાલપુરના એક ખેડૂત પોતાના ખેતરે પાણી વાળતા હતા ત્યારે તેઓને વીજ આંચકો લાગતા તેમનું મૃત્યુ નિપજ્યાનું જાહેર થયું છે. જ્યારે હર્ષદ-ગાંધવીના દરિયામાં કોઈ રીતે પડી ગયેલા પોરબંદર જિલ્લાના માછીમાર ડૂબી જઈ મોતને શરણ થયા છે. તેઓનો મૃતદેહ ગઈકાલે દરિયાકાંઠે આવી લાગ્યો હતો. પોલીસે મૃતકના પુત્રનું નિવેદન નોંધ્યું છે.

લાલપુર શહેરમાં પાર્ક સોસાયટીમાં રહેતા રમણીકભાઈ ધનજીભાઈ જુલાસણા નામના પાંસઠ વર્ષના ખેડૂત ગઈકાલે સાંજે લાલપુરના ખારા વિસ્તારમાં આવેલા પોતાના ખેતરે પાણી વાળી રહ્યા હતા.

આ વેળાએ પાણીની ઈલેક્ટ્રીક મોટરનો વાયર અડકી જતાં રમણીકભાઈને વીજ આંચકો લાગ્યો હતો અને ત્યારપછી શેઢા પરના વાયરને અડકતા જોરદાર વીજ શોર્ટ લાગતા આ વૃદ્ધનું મૃત્યુ નિપજ્યું છે. તેમના નાનાભાઈ પ્રવીણભાઈ ધનજીભાઈએ પોલીસને જાણ કરી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના હર્ષદના દરિયામાં પોરબંદરના મીયાણી ગામના નાથાભાઈ બાબુભાઈ વાઘેલા (ઉ.વ.૪૫) નામના યુવાન માછીમારી માટે આવી પહોંચ્યા હતા. તેઓ શુક્રવારે બપોરે હર્ષદ-ગાંધવીના દરિયામાં કોઈ રીતે પડી ગયા પછી મોતને શરણ થયા છે. તેમના પુત્ર ભરતભાઈએ પોલીસમાં જાણ કરી છે.

ચપલા તથા મોબાઈલ કબજે કરી લેવાયા:

આરંભડામાંથી છ ચપલા સાથે એક ઝબ્બે

જામનગર તા. ૨૪: ઓખામંડળના આરંભડા ગામમાંથી શનિવારે રાત્રે પોલીસે એક શખ્સને ઈંગ્લીશ દારૂના છ ચપલા સાથે પકડી પાડ્યો છે.

ઓખામંડળના આરંભડા ગામમાં શનિવારે રાત્રે પોલીસ દ્વારા કરવામાં આવી રહેલા પેટ્રોલિંગમાં પાણીના ટાંકા પાસેથી પસાર થતા ગાયત્રીનગરમાં રહેતા દીપક હાથીયા નામના શખ્સને પોલીસે રોકી લીધો હતો.

આ શખ્સની તલાશી લેવાતા તેની પાસેથી ૮-પીએમ બ્રાંડની વ્હીસ્કીના છ ચપલા મળી આવ્યા હતા. પોલીસે રૂ.૧૬૫૦ના ચપલા, એક મોબાઈલ કબજે કરી દીપક તેજાભાઈ હાથીયાની ધરપકડ કરી છે.

સોના ચાંદીના ભાવ

૧૦૦ ગ્રામ શુધ્ધ સોનું (બિસ્કિટ)	12,64,500
૨૨ કેરેટ દાગીના (૧૦ ગ્રામ)	1,12,800
૧૮-કેરેટ દાગીના (૧૦ ગ્રામ)	95,000
ચાંદી-૯૯૯ (૧ કીલો)	1,56,000